પ્રમુખ ફ્લેટ્સની બંધ દુકાનમાંથી ગેરકાયદે સંગ્રહિત કરેલી 1,920 બોટલ કબજે

# ગોરવામાં પ્રતિબંધિત કફ સિરપનો રૂ.૨૨.૫૮ લાખનો જથ્થો ઝડપાયો

એસઓજી પોલીસે રેડ કરી, દુકાન માલિક નહીં ઝડપાતા વોન્ટેડ જાહેર




(પ્રતિનિધી) વડોદરા, તા.14

વડોદરા શહેરમાં નશાકારક પદાર્થોના ગેરકાયદે ખરીદ-વેચાણ સામે એસઓજીએ વધુ એક મોટી કાર્યવાહી હાથ ધરી છે. ગોરવા આઈટીઆઈ રોડ પર આવેલા પ્રમુખ ફ્લેટ્સની એક બંધ દુકાનમાં દરોડો પાડી પોલીસે પ્રતિબંધિત અને નશાકારક કફ સિરપની 1,920 બોટલનો જથ્થો ઝડપી પાડ્યો છે. કબજે કરાયેલા કફ સિરપની રૂ.22.58 લાખથી વધુ હોવાનું સામે આવ્યું છે. સમગ્ર મામલે ગોરવા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી દુકાનના માલિકને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ પેટ્રોલિંગ દરમિયાન એસઓજીના સ્ટાફને બાતમી મળી હતી કે, સમતા રોડ પર નર્મદાનગરી વિભાગ-3 સોસાયટી સામે આવેલા પ્રમુખ ફ્લેટ્સના ગ્રાઉન્ડ ફ્લોરની એક બંધ દુકાનમાં કોડીન કફ સિરપનો ગેરકાયદેસર જથ્થો રાખવામાં આવ્યો છે. બાતમીના આધારે એસઓજીએ દુકાન નં.5માં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન પ્લાસ્ટિકમાં વીંટાળેલા ખાખી રંગના બોક્સ મળી આવ્યા હતા. બોક્સ ખોલતા અંદર પ્રવાહી ભરેલી સીલબંધ બોટલો મળી આવી હતી. પોલીસ દ્વારા ફૂડ એન્ડ ડ્રગ્સ ઈન્સ્પેક્ટર તથા એફએસએલ અધિકારીને સ્થળ પર બોલાવી જથ્થાની ચકાસણી કરાવવામાં આવી હતી. તપાસમાં આ જથ્થો પ્રતિબંધિત અને નશાકારક કફ સિરપ હોવાનું બહાર આવ્યું હતું.પોલીસે રૂ.22 58 લાખની નશા યુક્ત 1,920 બોટલો કબજે કરી છે. તપાસ દરમિયાન દુકાનનો કબજો આકાશસિંહ રાજેશસિંહ ઠાકુરનો હોવાનું સામે આવ્યું છે. આરોપીએ આર્થિક ફાયદા માટે હિમાચલ પ્રદેશના બદ્દી સ્થિત UGKing ફાર્મા પાસેથી કફ સિરપનો જથ્થો ખરીદી Allcargo Logistics મારફતે વડોદરા મંગાવી દુકાનમાં સંગ્રહ કર્યો હતો. જોકે, દરોડા દરમિયાન આરોપી હાજર મળી આવ્યો ન હતો. પોલીસે તેને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ શરૂ કરી છે. સમગ્ર મામલે ગોરવા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. કફ સિરપના આંતરરાજ્ય વહન, સંગ્રહ અને ગેરકાયદેસર ખરીદ-વેચાણના નેટવર્ક અંગે એસઓજી દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

આંગણવાડીઓ હવે સ્માર્ટ બનશે

# આઈઆઈટી ગાંધીનગરના વિદ્યાર્થીઓ કરશે ગુણવત્તા ચકાસણી

6 મહિનામાં 3300, પછી કુલ 5832 સ્માર્ટ આંગણવાડી

(પ્રતિનિધી) 456, તા.20

રાજ્ય સરકાર બાળકોના ઘડતર માટે આંગણવાડીનું સ્વરૂપ જ બદલવા જઈ રહી છે. ગુજરાતમાં તબક્કાવાર 5832 સ્માર્ટ આંગણવાડીઓ બનાવવાનો નિર્ણય લેવાયો છે. આ પ્રોજેક્ટના ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ગુણવત્તા ચકાસવાની જવાબદારી આઈઆઈટી ગાંધીનગરના વિદ્યાર્થીઓને સોંપવામાં આવી છે. મહિલા અને બાળ કલ્યાણ વિભાગના જણાવ્યા મુજબ આ પ્રોજેક્ટને બે તબક્કામાં વહેંચવામાં આવ્યો છે. પહેલા તબક્કામાં આગામી 6 મહિનામાં રાજ્યભરમાં 3300 સ્માર્ટ આંગણવાડી તૈયાર કરવામાં આવશે. ત્યારબાદ બીજા તબક્કામાં વધુ મશીનોથી મળીને કુલ 5832 આંગણવાડીઓ સ્માર્ટ બનાવવામાં આવશે. આ માટે 360 કરોડનો ટેન્ડર પણ બહાર પાડવામાં આવ્યો છે. આંગણવાડીના બાંધકામ અને સુવિધાઓની ગુણવત્તા જળવાય તે માટે સરકારે આઈઆઈટી ગાંધીનગરના પીજીના સિનિયર વિદ્યાર્થીઓની મદદ લીધી છે. તેઓ થર્ડ પાર્ટી તરીકે નિયમિત ઈન્સ્પેક્શન કરીને રિપોર્ટ આપશે. આ ઉપરાંત આંગણવાડીની અંદર અને બહારનું વાતાવરણ બાળકોને અનુકૂળ બને તે માટે પણ આઈઆઈટીની ડિઝાઈન ટીમનો સહયોગ લેવામાં આવ્યો છે. નવી સ્માર્ટ આંગણવાડીમાં 600 થી 900 સ્ક્વેર ફૂટની જગ્યા રાખવામાં આવશે. જેથી બાળકોની ઉંમર પ્રમાણે પ્રવૃત્તિઓ સરળતાથી થઈ શકે. દિવાલો પર આર્ટથીમ આધારિત ચિત્રો દોરવામાં આવશે જેથી બાળકોની કલ્પનાશક્તિ ખીલે. રૂમમાં રંગીન અને આકર્ષક માહોલ બનાવવામાં આવશે. દિવ્યાંગ બાળકો માટે અલગ રેમ્પ, પીવાના પાણી માટે આરઓ પ્લાન્ટ, વોશરૂમ, કિચન ગાર્ડન અને રમતગમત માટેની જગ્યા પણ ફરજિયાત રાખવામાં આવશે.

કલાકો સુધી ટ્રાફિક જામ રહેતા વાહન ચાલકોને ભારે હાલાકી

# વડોદરાના વડસર બ્રિજ પર હાઈડ્રોક્રેને વીજ થાંભલો પાડી નાખતા અકસ્માત

કારચાલકને બચાવવા જતાં ક્રેન અનિયંત્રિત થઈ જીઈબીના થાંભલા સાથે અથડાઈ; ૩ થી ૪ કિમી સુધી વાહનોની લાંબી લાઈનો લાગી



(પ્રતિનિધી) વડોદરા, તા.14

વડોદરાના વડસર બ્રિજ પર આજે એક મોટી અકસ્માતની ઘટના સામે આવી છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં વાહન વ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો અને ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, વડસર બ્રિજ પરથી પસાર થઈ રહેલા એક હાઈડ્રોક્રેનના ચાલકે સામેથી આવી રહેલી કારને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમ્યાન હાઈડ્રોક્રેન પરથી ચાલકે કાબૂ ગુમાવતા ક્રેન અનિયંત્રિત થઈ ગઈ હતી અને રસ્તા પર આવેલા જીઈબીના વીજ થાંભલા સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે વીજ થાંભલો જમીનદોસ્ત થઈને રસ્તાની વચોવચ ધરાશાયી થઈ ગયો હતો. વીજ થાંભલો રસ્તા પર પડી જવાથી વાહનોની આવન-જાવન સંપૂર્ણ રીતે બંધ થઈ ગઈ હતી. આ બનાવના કારણે વડસર બ્રિજ પર અંદાજે ૩ થી ૪ કિલોમીટર સુધી વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી. કલાકો સુધી ટ્રાફિક જામની સ્થિતિ રહેતા અનેક વાહનચાલકો તેમજ રાહદારીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા હતા અને રસ્તા પર અટવાઈ પડ્યા હતા. ઘટનાની જાણ થતાં જ સ્થાનીય પોલીસ કાફલો અને વીજ કંપનીની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. વીજ કંપનીની ટીમે સુરક્ષાના ભાગરૂપે કામગીરી શરૂ કરી રસ્તા પર પડેલા વીજ થાંભલાને હટાવવાની કામગીરી હાથ ધરી હતી, જ્યારે પોલીસે વાહન વ્યવહાર પૂર્વવત કરવા અને ટ્રાફિક હળવો કરવા માટે કામગીરી શરુ કરી હતી.

અખિલ ભારતીય સેવાદળ, વડોદરા દ્વારા ૫૦ વર્ષથી અવિરત ચાલતું રાષ્ટ્રપ્રેમનું અભિયાન

# આઝાદીના પર્વ નિમિત્તે રાષ્ટ્રધ્વજ વંદન અને ફ્લેગ કોડની વિશેષ તાલીમ સંપન્ન

શાળાઓ અને સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ-નાગરિકોને પ્રેક્ટિકલ તાલીમ આપીને ધ્વજ સંહિતાના નિયમો શીખવાડાયા



(પ્રતિનિધી) વડોદરા, તા.14

અખિલ ભારતીય સેવાદળ, વડોદરા દ્વારા આઝાદીના પર્વ નિમિત્તે નાગરિકો અને વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રધ્વજ પ્રત્યે આદર અને તેના યોગ્ય સંચાલનની જાગૃતિ ફેલાવવાના ઉમદા હેતુસર વિશેષ તાલીમ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. સંસ્થાના મંત્રી પ્રજ્ઞાબેન પરમારના માર્ગદર્શન હેઠળ છેલ્લા ૫૦ વર્ષોથી આ પરંપરાગત સેવાકીય પ્રવૃત્તિ અવિરતપણે ચાલી રહી છે. પ્રજ્ઞાબેન જણાવે છે કે અમારી સંસ્થા ૧૫મી ઓગસ્ટ પૂર્વે વડોદરા શહેર અને આસપાસના વિસ્તારોમાં રાષ્ટ્રધ્વજ કેવી રીતે બાંધવો, સન્માનપૂર્વક ફરકાવવો અને રાષ્ટ્રગીતને શુદ્ધ ઉચ્ચારો સાથે ગાવું તેની પ્રત્યક્ષ તાલીમ આપે છે, અને અત્યાર સુધીમાં ૪ લાખ ૧૭ હજાર જેટલા નાગરિકો અને વિદ્યાર્થીઓને તાલીમબદ્ધ કરવામાં આવ્યા છે. ચાલુ વર્ષે આ અભિયાન અંતર્ગત ટી.આર. પટેલ સ્કૂલ નિઝામપુરા, નંદેસરી વિદ્યાલય, નંદેસરી, શારદા મંદિર સ્કૂલના વિદ્યાર્થીઓ, શ્રી રામ ટ્રેડર્સ, મામાની પોળ, રાવપુરા ખાતે, દર્શનમ્ એન્ટીકા દંતેશ્વર રોડ ખાતે બહેનો અને બાળકો માટે તેમજ લાધારામ સ્કૂલ ખાતે વિશેષ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સઘન અભિયાનમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને નાગરિકો સહિત ૧૦૦૦ કરતાં વધુ લોકોને પ્રેક્ટિકલ તાલીમ આપીને ફ્લેગ કોડ (રાષ્ટ્રધ્વજ સંહિતા) ના કાયદાઓ અને નિયમોની વિગતવાર જાણકારી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વિવિધ શાળાઓના આચાર્યશ્રીઓ અને શિક્ષકગણનો ઉત્સાહપૂર્વક સહકાર અને સહયોગ સાંપડ્યો હતો, જેનાથી નવી પેઢીમાં દેશપ્રેમ અને રાષ્ટ્રપ્રત્યેની ગૌરવની ભાવના વધુ દ્રઢ બની છે.

## દીપ પોલિમર્સનો Q1માં મજબૂત દેખાવ, ચોખ્ખા નફામાં ૩૨% વૃદ્ધિ

(પ્રતિનિધી) વડોદરા, તા.14

પ્લાસ્ટિક કલર માસ્ટરબેચીસ, એડિટિવ્સ અને ફિલર કમ્પાઉન્ડ્સનું ઉત્પાદન કરતી દીપ પોલિમર્સ લિમિટેડે નાણાકીય વર્ષ 2027ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં મજબૂત નાણાકીય કામગીરી નોંધાવી છે. કંપનીની કામગીરીમાંથી આવક વાર્ષિક ધોરણે 20 ટકા વધીને રૂ.30.07 કરોડ થઈ છે, જે ગયા વર્ષના સમાન ગાળામાં રૂ.25.40 કરોડ હતી. કુલ આવક પણ રૂ.26.38 કરોડથી વધીને રૂ.31.13 કરોડ થઈ છે. કંપનીનો કરવેરા પહેલાંનો નફો 30 ટકા વધીને રૂ.2.54 કરોડ થયો છે, જ્યારે ચોખ્ખો નફો 32 ટકા વધીને રૂ.1.90 કરોડ રહ્યો છે. ગયા વર્ષે આ આંકડો રૂ.1.44 કરોડ હતો. પ્રતિ શેર કમાણી પણ રૂ.0.60થી વધીને રૂ.0.79 થઈ છે. કંપનીના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર રમેશભાઈ બી. પટેલે જણાવ્યું કે, ઉત્પાદનની વધતી માંગ, કામગીરીની કાર્યક્ષમતા અને શિસ્તબદ્ધ અમલને કારણે કંપનીએ શરૂઆત કરી છે.

વડોદરામાં ૧૭ ઓગસ્ટે ગુંજશે શ્રમિકોનો અવાજ

# ભારતીય મજદૂર સંઘ દ્વારા વિશાળ ધરણાં અને આંદોલનનું એલાન

લઘુત્તમ વેતન રૂ. ૩૦,૦૦૦ અને પેન્શન રૂ. ૭,૫૦૦ કરવા સહિતની ૬ મુખ્ય માંગણીઓ સાથે સરકાર સામે મોરચો



(પ્રતિનિધી) વડોદરા, તા.14

દેશના સૌથી મોટા શ્રમિક સંગઠન ભારતીય મજદૂર સંઘ દ્વારા વિવિધ પડતર પ્રશ્નો અને માંગણીઓને લઈને આગામી ૧૭ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ દેશભરના તમામ જિલ્લાઓમાં વિશાળ ધરણાં પ્રદર્શનનું આહવાન કરવામાં આવ્યું છે. વડોદરા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાનારા આ આંદોલનમાં પરિવહન, રેલવે, આશા વર્કર, મધ્યાહન ભોજન અને તેડાગર કર્મચારીઓ ઉપરાંત એપોલો ટાયર અને RR કેબલ જેવા ખાનગી ક્ષેત્રના હજારો શ્રમિકો જોડાય તેવી પૂરી શક્યતા છે. શ્રમિકોના હિત માટે BMS દ્વારા મુખ્ય ૬ માંગણીઓ રજૂ કરવામાં આવી છે.

સરકારી સ્તરે માસિક લઘુત્તમ વેતન રૂ. ૩૦,૦૦૦ જાહેર કરવાની અને ન્યૂનતમ પેન્શન રૂ. ૭,૫૦૦ કરી તેમાં મોંઘવારી ભથ્થું ઉમેરવાની સ્પષ્ટ માંગ છે. બોનસ માટેની વર્તમાન મર્યાદા રૂ. ૨૧,૦૦૦થી વધારીને રૂ. ૪૨,૦૦૦ કરવા અને ગ્રેચ્યુઈટીની કરમુક્ત સીમા રૂ. ૨૦ લાખથી રૂ. ૪૦ લાખ કરવાની રજૂઆત છે. આશા વર્કર, મધ્યાહ્ન ભોજન અને તેડાગર કર્મચારીઓના માનદ વેતનમાં સન્માનજનક વધારો કરવાની માંગ સાથે નવા લેબર કોડ અંતર્ગત ઔદ્યોગિક સંબંધો અને વ્યાવસાયિક સુરક્ષા કોડની કર્મચારી વિરોધી કલમોમાં સુધારો કરવાની માગણી કરવામાં આવી છે.આ ધરણાં પ્રદર્શન દ્વારા શ્રમિકો આક્રમક રીતે સરકાર સુધી પોતાનો અવાજ પહોંચાડશે.

## વડોદરામાં ચાલતા-ચાલતા અચાનક ઢળી પડ્યા અજાણ્યા પ્રૌઢ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૪

શહેરના ન્યુ વીઆઈપી રોડ વિસ્તારમાં આવેલી પારસમણી સોસાયટી નજીકથી પસાર થઈ રહેલા આશરે ૫૫ વર્ષીય અજાણ્યા પુરુષને અચાનક ચક્કર આવવાથી તેઓ રસ્તા પર ઢળી પડ્યા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી સ્થાનિક લોકો દ્વારા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, પારસમણી સોસાયટીમાં આવેલી રઘુકુળ સ્કૂલ પાસેથી પસાર થતી વખતે આ અજાણ્યા પુરુષ અચાનક જમીન પર બેભાન થઈને પડી ગયા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારીઓ દ્વારા તાત્કાલિક ધોરણે તેમને ઈમરજન્સી સારવાર આપીને એમ્બ્યુલન્સમાં સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. સયાજી હોસ્પિટલ તરફ લઈ જતી વેળાએ રસ્તામાં દર્દીને ખેંચ ના ત્રણ જેટલા હુમલા આવ્યા હતા, જેને કારણે તેમની સ્થિતિ વધુ ગંભીર બની હતી.

રૂપિયા ૫૦ લાખ આપીશ તો પણ નહીં છોડીએ

# મકરપુરામા રહેતા યુવકને પિતરાઈ ભાઈઓની મારી નાખવાની ધમકી

જૂના ઝઘડાની અદાવતમાં ગાળો આપી ધમકાવતા મામલો મકરપુરા પોલીસ મથકે પહોંચ્યો

(પ્રતિનિધી) વડોદરા, તા.14

વડોદરાના મકરપુરા વિસ્તારમાં જૂની અદાવતના પગલે યુવકને ફોન કરી ગાળો આપી પિતરાઈ ભાઈઓએ જાનથી મારી નાખવાની ધમકી હતી. આરોપીઓએ ફોન પર પચાસ લાખ ભી દેગા તો જિંદા નહીં છોડેગે તેમ કહી ધમકાવૂદ્યો હતો. આ મામલે મકરપુરા પોલીસ દ્વારા ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મકરપુરા વિસ્તારમાં રહેતા અને સુસેન સર્કલ ખાતે દાબેલી-વડાપાઉની દુકાન ચલાવતા દિલીપ ઉર્ફે જીતુ સુરેશભાઈ પ્રજાપતિએ પોલીસમાં નોધાવેલી ફરિયાદ મુજબ, વર્ષ 2024માં તેમના પુત્ર હર્ષના જન્મદિવસે તરસાલી ખાતે હોટલમાં જમવાનું રાખવામાં આવ્યું હતું. તે સમયે મનિષ ભગવત પ્રજાપતિ સાથે ઝઘડો થયો હતો. ત્યારબાદ બંને વચ્ચે અવારનવાર નાની-મોટી બાબતોને લઈને તકરાર થતી હતી. ફરિયાદી 11 ઓગસ્ટની રાત્રે મકરપુરા ડેપો સામે યાન્સી સ્કૂલ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા મોબાઈલ નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન પર અભિષેક વિનોદભાઈ પ્રજાપતિએ વાત કરી ગાળો આપી વડોદરા આવીને તારી ગેરસમજ દૂર કરું તેમ કહ્યુ હતુ. ત્યારબાદ મનિષ ભગવત પ્રજાપતિએ ફોન પર ધમકી આપતા ગામમાં આવીને ઘરમાં ઘૂસીને જાનથી મારી નાખીશું, તું પચાસ લાખ પણ આપીશ તો પણ જીવતો નહીં છોડીએ તેમ કહ્યું હતુ. આ વખતે મનિષ ભગવત પ્રજાપતિ, અભિષેક વિનોદભાઈ પ્રજાપતિ અને રોહિત સંતોષ પ્રજાપતિએ વારા ફરતી વાત કરી ગાળો આપી ફરીથી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સમગ્ર મામલે ત્રણેય સામે પોલીસે તપાસ શરૂ કરી છે.

ડિજિટલ છેતરપિંડી અંગે જાગૃતિ

## વધારવા 'વિજિલ આન્ટી સેઝ-લેઝિનેસ સેવ્સ' અભિયાન

(પ્રતિનિધી) વડોદરા, તા.14

ડિજિટલ છેતરપિંડી અંગે જાગૃતિ વધારવા એચડીએફસી બેંકે 'વિજિલ આન્ટી સેઝ-લેઝિનેસ સેવ્સ' અભિયાન શરૂ કર્યું છે. 15 ઓગસ્ટથી સાત એપિસોડનું કૉમેડી સ્પેશિયલ જિયોહૉટસ્ટાર પર સ્ટ્રીમ થશે. અભિયાનનો મુખ્ય સંદેશ છે કે છેતરપિંડીની વાત આવે ત્યારે ઉતાવળમાં પ્રતિક્રિયા આપવાને બદલે થોભીને વિચારવું સુરક્ષિત રહેવાનો સરળ ઉપાય છે. નકલી OTP, ફિશિંગ લિંક, ડિજિટલ અરેસ્ટ સહિતની છેતરપિંડીમાં ઠગો તાકીદ અને ગભરાટ ઊભો કરીને લોકોને તરત નિર્ણય લેવા પ્રેરે છે. શંકાસ્પદ વિનંતી મળે ત્યારે કોઈ કાર્યવાહી ન કરવી એ જ સમજદારીભર્યું પગલું હોવાનો સંદેશ અભિયાન આપે છે. આ પહેલમાં વિજિલ આન્ટી સાથે આકાશ ગુપ્તા, ગૌરવ કપૂર, રામકુમાર નટરાજન, હર્ષ ગુજરાલ, સોનુ વેણુગોપાલ, મુનવ્વર ફારુકી અને કેની સેબેસ્ટિયન જેવા સ્ટેન્ડ-અપ કૉમેડિયન્સ જોડાયા છે. એચડીએફસી બેંકના ચીફ માર્કેટિંગ ઑફિસર રવિ સંથાનમે જણાવ્યું કે કૉમેડીના માધ્યમથી લોકોને છેતરપિંડીની રીતો અને સાવચેતી અંગે સરળતાથી જાગૃત કરવાનો પ્રયાસ છે. અભિયાનની પરિકલ્પના એજન્સી એફસીબીકિનેક્ટે કરી છે.

૮ થી ૨૦ ઓગષ્ટ સુધી ભારે વરસાદની આગાહી

# શહેરમાં સાત દિવસ સુધી વાદળછાયા વાતાવરણ સાથે વરસાદની શકયતા

(પ્રતિનિધી) વડોદરા, તા.14

વડોદરા જિલ્લા કંટ્રોલ રૂમ મુજબ શુક્રવારે સવારે 6 થી 8 વાગ્યા દરમિયાન વડોદરા જિલ્લામાં સરેરાશ 2.13 મિ.મી વરસાદ નોંધાયો હતો. શહેરનું મહતમ તાપમાન 30.8 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 24.8 ડીગ્રી સાથે ભેજનું પ્રમાણ સવારે - 95% અને સાંજે - 80% નોંધાયું હતું. ડભોઈ તાલુકામાં સૌથી વધુ 9 મિ.મી, વાઘોડિયામાં 4 મિ.મી, વડોદરા અને પાદરામાં 2-2 મિ.મી વરસાદ પડ્યો હતો. જ્યારે સાવલી, કરજણ, શિનોર અને ડેસર વરસાદ નોંધાયો ન હતો. સીઝનનો કુલ સરેરાશ વરસાદ 511.63 મિ.મી પર પહોંચ્યો છે. જેમાં સિનોરમાં 773 મિ.મી સાથે સૌથી વધુ અને સાવલીમાં 334 મિ.મી સાથે સૌથી ઓછો વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી 7 દિવસ વડોદરામાં વીજળી સાથે વરસાદ પડવાની શક્યતા છે. 14 અને 15 ઓગસ્ટે તેમજ 18 થી 20 ઓગસ્ટ સુધી વીજળી સાથે વરસાદની શક્યતા છે. જ્યારે 16 અને 17 ઓગસ્ટે આકાશ વાદળછાયું રહીને હળવો વરસાદ પડશે તેવુ હવામાન વિભાગ દ્વારા જણાવાયુ છે.

## સયાજીગંજ વિસ્તારમાં તસ્કરોએ મકાનનુ તાળું તોડયુ : રૂ.1.51 લાખના દાગીના ચોરી

વડોદરા : સયાજીગંજ વિસ્તારમાં આવેલી શાલીમાર કો-ઓપરેટિવ સોસાયટીમાં રહેતા 29 વર્ષીય શરણ અંગમ ઠક્કર પોતાની માતા સાથે રહે છે. તા.12 ઓગસ્ટના રોજ સાંજે નોકરી પરથી ઘરે આવ્યા બાદ શરણ ઠક્કરે માતા સાથે મકાનને બહારથી તાળું મારી ખોડિયારનગર ખાતે રહેતી બહેનના ઘરે ગયા હતા. દરમિયાન તા.13 ઓગસ્ટના બપોરે શરણ ઠક્કર ઘરે પરત ફર્યા ત્યારે મકાનના મુખ્ય દરવાજાનું તાળું અને નકુચો તૂટેલી હાલતમાં જોવા મળ્યો હતો. ઘરમાં પ્રવેશતા સામાન વેરવિખેર પડેલો હતો અને બેડરૂમમાં રાખેલી તિજોરી પણ ખુલ્લી હાલતમાં મળી આવી હતી.

ચોકલેટ લેવા જવાનું કહી ઘરેથી નીકળેલી કિશોરી પરત ન ફરતા પરિવાર ના સભ્યો ચિંતિત બન્યા

# તાંદલજામાં સગીરાને લગ્નની લાલચ આપી ઝારખંડનો યુવક ભગાડી ગયો

પોલીસે પિતાની ફરિયાદના આધારે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી સગીર કિશોરી તથા આરોપી અંગે તપાસ શરૂ કરી

(પ્રતિનિધી) વડોદરા, તા.14

વડોદરાના તાંદલજા વિસ્તારમાંથી 15 વર્ષીય સગીર કિશોરી ગુમ થવાના મામલે પરિવારજનોએ ઝારખંડના યુવક સામે ગંભીર ફરિયાદ નોંધાવી છે. કિશોરી ચોકલેટ લેવા જવાનું કહી નાની બહેન સાથે ઘરેથી નીકળી હતી, પરંતુ બાદમાં પરત આવી નહોતી. તપાસ દરમિયાન કિશોરી અગાઉ ઝારખંડના શિવમકુમાર દાસ નામના યુવક સાથે ફોન પર વાતચીત કરતી હોવાનું સામે આવ્યું હતું. વડોદરાના તાંદલજા વિસ્તારમાં રહેતા 43 વર્ષીય રિક્ષાચાલક પિતાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે, તેમની 15 વર્ષીય પુત્રી સાયમા ધોરણ-8 સુધી અભ્યાસ કરી ચૂકી છે. તા. 25 જાન્યુઆરી 2026ના રોજ રાત્રે આશરે નવ વાગ્યાના અરસામાં સગીરા પોતાની નાની બહેન સાથે ઘર નજીકની દુકાને ચોકલેટ લેવા જવાનું કહી નીકળી હતી.

જોકે, અડધો કલાક વીતી ગયા છતાં બંને ઘરે પરત ન આવતા પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન નાની પુત્રી મુનીરા પાડોશીના ઘરે મળી આવી હતી અને તેણે જણાવ્યું હતું કે તેની મોટી બેન તેને ત્યાં મૂકીને જતી રહી હતી. ત્યારબાદ પરિવારજનોએ આસપાસની દુકાનો તથા વિસ્તારમાં તપાસ કરી હતી, પરંતુ દીકરીનો પત્તો લાગ્યો નહોતો. બે દિવસ સુધી શોધખોળ કર્યા બાદ પરિવારને જાણવા મળ્યું કે સગીરા અગાઉ ઝારખંડમાં રહેતા શિવમકુમાર દાસ નામના યુવક સાથે ફોન પર વાતચીત કરતી હતી. પરિવારજનોએ યુવકનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ તપાસતા દીકરીના ફોટા જોવા મળ્યા હતા. ત્યારબાદ યુવકનો ટેલિફોનિક સંપર્ક કરતાં સગીરા તેની સાથે હોવાનું પરિવારને જાણવા મળ્યું હતું. યુવકે સગીરાને પરત મોકલી આપવાનું જણાવ્યું હોવા છતાં આજદિન સુધી તે ઘરે પરત ન આવતા પરિવારજનોએ પોલીસનો સંપર્ક કર્યો હતો. શિવમકુમાર દાસે સગીર વયની દીકરીને પટાવી બળજબરીપૂર્વક લગ્ન કરવાના ઈરાદે પોતાની સાથે ઝારખંડ લઈ ગયો હતો. પોલીસે પિતાની ફરિયાદના આધારે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી સગીર કિશોરી તથા આરોપી અંગે તપાસ શરૂ કરી છે.

# દંતેશ્વરમાં વુડાનાં મકાનમાં હત્યા કેસમાં ઝડપાયેલા બેના ૧૭ ઓગસ્ટ સુધીના રિમાન્ડ

(પ્રતિનિધી) વડોદરા, તા.14



વડોદરાના દંતેશ્વર વિસ્તારમાં આવેલા વુડાના મકાન નજીક થયેલી મેહુલ દરબારની હત્યાના ચકચારી કેસમાં ક્રાઈમ બ્રાન્ચ અને મકરપુરા પોલીસે ગણતરીના કલાકોમાં બે મુખ્ય આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસ તપાસમાં પ્રાથમિક રીતે અંગત અદાવતમાં ચપ્પુના ઘા મારી હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. પોલીસે આરોપીઓને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરતા બંનેના 17 ઓગસ્ટ સુધીના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. ગત તા. 12 ઓગસ્ટના રોજ સાંજના સમયે દંતેશ્વર વિસ્તારમાં અમરશ્રદ્ધા સોસાયટી પાછળ આવેલા વુડાના મકાનની કમ્પાઉન્ડ વોલના ખૂણા પાસે તથા નહેર પુલની ઝાડી નજીક બોલાચાલી થઈ હતી. આ દરમિયાન આરોપીઓએ મેહુલ દરબાર સાથે ઝઘડો કર્યો હતો. મામલો ઉગ્ર બનતા ઉશ્કેરાયેલા આરોપીઓએ મેહુલ દરબાર પર ચપ્પુ વડે જીવલેણ હુમલો કર્યો હતો. ગંભીર ઈજાઓના કારણે મેહુલનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આરોપીઓએ અન્ય લોકોને પણ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી મકરપુરા પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગુનો નોંધાયો હતો.


## વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

**ટેન્ડર નોટીસ**

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૩૦૮/૨૬-૨૭ | વિશ્વામિત્રી પ્રોજેક્ટ | ૦૪ | ૨,૫૭,૧૨,૮૪,૭૪૦/- |
| ૨ | ૩૦૯/૨૬-૨૭ | સેન્ટ્રલ સ્ટોર | ૦૨ | ૪,૪૩,૨૦૦/- |
| ૩ | ૩૧૦/૨૬-૨૭ | સયાજીબાગ ઝૂ | ૦૧ | ૧,૪૯,૨૭૦/- |
| ૪ | ૩૧૩/૨૬-૨૭ | ઉત્તર ઝોન | ૦૬ | ૨૦,૯૯,૯૪૯/- |
| ૫ | ૩૧૪/૨૬-૨૭ | પાર્કસ એન્ડ ગાર્ડન | ૦૨ | ૬,૧૪,૭૮૦/- |
| ૬ | ૩૧૫/૨૬-૨૭ | બિલ્ડીંગ પ્રોજેક્ટ | ૦૬ | ૨૬,૯૯,૩૫,૮૪૦/- |
| ૭ | ૩૧૬/૨૬-૨૭ | અગ્નિશમન અને તાત્કાલિક સેવાઓ | ૧૫ | ૨૫,૫૬,૩૯૨/- |

**નોંધ: અ.નં. ૧ અને ૬ ની જાહેરાત ઇ-ટેન્ડરીંગની છે.**

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૩૧૭/૨૦૨૬-૨૭ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત



## ગુજરાત કિડની એન્ડ સુપરસ્પેશિયાલિટી લિમિટેડ

અગાઉ ગુજરાત કિડની એન્ડ સુપરસ્પેશિયાલિટી પ્રાઇવેટ લિમિટેડ તરીકે ઓળખાતી / તે અગાઉ વિહાન મેડિકેર પ્રાઇવેટ લિમિટેડ તરીકે ઓળખાતી

(CIN : L85300GJ2019PLC111559)

રજી. ઓફિસ: પ્લોટ નં. 1, સીટી સર્વે નં. 1537/A, ગોકુલ મિલ કમ્પાઉન્ડ, જેતલપુર રોડ, અલકાપુરી, વડોદરા - 390020, ગુજરાત, ભારત

ફોન: 265-29814 800 / +91 9687079991 ઇમેઇલ: info@gujaratsuperspecialityhospital.com / www.gujaratsuperspecialityhospital.com

**જૂન 30, 2025 ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના સ્ટેન્ડઅલોન અણ-ઓડિટ કરેલ નાણાકીય પરિણામોમાંથી લીધેલો ઉતારો**

ગુજરાત કિડની એન્ડ સુપરસ્પેશિયાલિટી લિમિટેડ (કંપની)ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે ઓગસ્ટ 14, 2026ના રોજ યોજાયેલી તેની બેઠકમાં, સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, 2015 ના રેગ્યુલેશન 33 અનુસાર લિમિટેડ રિવ્યુ સાથે જૂન 30, 2026ના રોજ પૂરા થયેલા પ્રથમ ત્રિમાસિક અને ત્રણ મહિનાના ગાળા માટે કંપનીના અણ-ઓડિટ કરેલ નાણાકીય પરિણામો (સ્ટેન્ડઅલોન અને કન્સોલિડેટેડ) મંજૂર કર્યા છે.

જૂન 30, 2026 ના રોજ પૂરા થયેલા પ્રથમ ત્રિમાસિક અને ત્રણ મહિનાના ગાળા માટેના ઓડિટ કરાયેલા વગરના નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ કંપનીની વેબસાઇટ: www.gujaratsuperspecialityhospital.com અને સ્ટોક એક્સચેન્જો બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડની વેબસાઇટ્સ પર ઉપલબ્ધ છે.

નીચે આપેલા ક્વિક રિસ્પોન્સ કોડ (QR Code)ને સ્કેન કરીને પણ વેબસાઇટ પર પરિણામ જોઈ શકાય છે:

ગુજરાત કિડની એન્ડ સુપરસ્પેશિયાલિટી લિમિટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી અને તેમના માટે

સહી/-

પ્રજ્ઞેશ ભારપોડા

મેનેજિંગ ડિરેક્ટર (DIN: 01033141)

તારીખ: 14.08.2026 | સ્થળ: વડોદરા